# નાટક સમયસાર

## અલગથી ઉપલબ્ધ પ્રવચન

## પ્રવચન – ૧, ઉત્થાનિકા, પદ-૨૭

......'તેહ કરીને જડનો ..., વચનતા, જડતા, જડ સમ મેલ, લઘુતા, ગુરુતા, ગમનતા યહી અજીવકે ખેલ.' એ અજીવ–જડનો ખેલ છે, પણ એ જડની શક્તિને કોઈએ માની નથી. એ તો જાણે કે શક્તિ મારાથી આવે છે. એ ભ્રાંતિ છે, ભ્રમ છે, પાખંડ છે, તરંગ છે. જડ ને આત્મા—બે ભિન્ન તત્ત્વ છે. જડ તે અજીવ છે, આત્મા જીવ છે. બેથી જુદું માનતા ન આવડે, એને આત્મામાં દયા, દાન, ભક્તિ, વ્રતનો વિકલ્પ ઊઠે એ પુણ્યતત્ત્વ છે, એ આત્મતત્ત્વ નહીં. શરીર તો અજીવતત્ત્વ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, જાત્રાનો વિકલ્પ ઊઠતે હૈં વહ પુણ્યતત્ત્વ હૈ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના એ પાપતત્ત્વ (કે) જે અશુભભાવ છે. એ બેય તત્ત્વ થઈને આસ્રવતત્ત્વ છે. પુણ્ય ને પાપના રાગ—બે તે આસ્રવ એટલે વિકાર છે, એ ચૈતન્યના મૂળ સ્વભાવમાં નથી. એ આસ્રવ (અર્થાત્) પુણ્ય-પાપમાં આત્માનું જ્ઞાન અટકી જવું તેનું નામ ભગવાન બંધતત્ત્વ કહે છે. એ બંધતત્ત્વ (અને) પુણ્ય-પાપના આસ્રવ રહિત, મૈં જ્ઞાતા-દ્રષ્ટા શુદ્ધ ચિદાનંદ છું એનું ભાન કરી અને જેટલી પુણ્ય-પાપ આસ્રવ-બંધ રહિત નિર્મળ–નિર્વિકારી સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન ને નિર્મળતાના અંશ પ્રગટે તેને સંવરતત્ત્વ કહે છે. જયચંદભાઈ ! નવ તત્ત્વના નામ આવડે છે ? નવ તત્ત્વના. ...નવ કહીએ છીએ. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ—એ નવ પદાર્થ છે. વસ્તુ બે છે—જડ અને ચૈતન્ય, એની બીજી સાત દશાઓ—અવસ્થાઓ છે. ચંદુભાઈ ! સાત અવસ્થાઓ છે.

ચૈતન્યતત્ત્વમાં જે પુણ્ય-પાપની અટકેલી લાગણી આસ્રવ અને બંધ, એ સિવાય હું જ્ઞાતા શુદ્ધ ચિદાનંદ છું એવી શ્રદ્ધા-જ્ઞાનની નિર્મળતા થાય તેને સંવર કહે છે. સંવર કાંઈ બહારથી બે ઘડી બેઠા અને આસ્રવ ..... દેરાસર ગયા અને સંવર થઈ જાય (એમ નથી). આત્માની બહાર ન જાય એને સંવર થાય. આત્મા તો જાણનાર-દેખનાર છે એમાં આત્મા ઠરે અને પુણ્ય-પાપની લાગણીઓની ઉત્પત્તિ ન થાય એવી અંતરની દશાને સંવર કહે છે. અને નિર્જરા — એ ચૈતન્યની શુદ્ધતામાં ટકતાં અશુદ્ધતા—મલિનભાવ ટળે તેને નિર્જરાતત્ત્વ કહે છે. આ એક અપવાસ કરે નિર્જરા થઈ ગઈ (એમ) માની લે છે. અરે! એવા તો અપવાસ

તારો અજ્ઞાનરૂપી પાડો ... કરીને કંઈક ખાઈ ગયો. એવા અનંતા અપવાસ અજ્ઞાન પાડો ખાઈ ગયો, પણ તારું (કંઈ) વળ્યું નહીં. જડથી જુદો ચૈતન્યસ્વભાવ જાણતાં ન આવડે, એને પુણ્ય-પાપ અને આસ્રવ-બંધની વર્તમાન કૃત્રિમ અવસ્થાથી ભિન્ન છે એ શ્રદ્ધાવાની તાકાત એનામાં હોતી નથી. માટે આત્મા જડથી તો જણાય એવો નહિ, જડની ઉપમા તે એને અપાય નહિ, પણ પુણ્ય ને પાપની ઉપમા પણ ચૈતન્યને અપાય નહીં.

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે શુભભાવ છે. શુભભાવ હોતા હૈ ન ? શુભભાવ જિસસે તીર્થંકરગોત્ર બંધતા હૈ... ઔર શુભ ભી વિકાર, અધર્મ હૈ, રાગ હૈ. રાગની ઉપમા પણ ચૈતન્યને આપી શકાય નહીં. ક્યોંકિ જો ભાવસે બંધન હોતા હૈ વહ ભાવ આત્માકા સ્વભાવ નહીં હૈ. હો, વિકાર હો, વિકાર હો, પણ વિકાર આત્માકા સ્વભાવ નહીં. તો જો ભાવસે તીર્થંકર(ગોત્ર)કા બંધ હોતા હૈ (વહ) રાગ હૈ. વહ તીર્થંકર જૈસા આત્મા હૈ.... વો રાગ ઔર રાગકા ફળ તો તીર્થંકરપદ હોતા હૈ, સમવસરણ (આદિ), ઉસકી ઉપમા ભી આત્માકો (દે સકતે) નહીં. આત્મા તો રાગરહિત, શરીરરહિત છે. રાગના ફળરૂપે જે સમવસરણ, ધર્મસભા, ઈન્દ્રો આવીને સેવા કરે વિગેરે—એ ઉપમા ચૈતન્યને નથી. ચૈતન્ય તો જ્ઞાનાનંદ, વિકાર ને વિકારના ફળની ઉપમા રહિત છે. જુઓ ! આવો આત્મા પહેલો સમ્યગ્જ્ઞાનમાં જણાવો, માનવો જોઈએ. એ માન્યા વિના સાચા વ્રત, નિયમ હોઈ શકે નહિ. એ વિના ચારિત્ર ને સ્વરૂપની રમણતા ન હોય. બાહ્યના થોથાં લૂગડાં ફેરવે અને બહારના વેષ પલટે, એથી અંતરનો આત્મા પલટી જાય નહિ.

કરિયાતાની કોથળીમાં લાકડા કડવા ભર્યા ને માથે સાકર લખે, એથી કાંઈ કરિયાતા કાંઈ મીઠા થાય ? (ન થાય). એમ ચૈતન્યની કોથળી આ બાહ્ય શરીર છે, એ શરીરના વેષપલટો કરે, પણ વિકાર વિનાનો, શરીર વિનાનો સ્વભાવ ચિદાનંદ ચૈતન્યતત્ત્વ તું છે એના ભાનની મીઠાશ, શ્રદ્ધાના ભાન વિના શરીર ઉપર નામ લખે કે ત્યાગી છે, સાધુ છે, ફકીર છે, બાવો છે, મુનિ છે, તો કરિયાતાની કોથળી (ઉપર) સાકર લખે એવું છે. તો લાકડાઓમાં મીઠાશ કોઈ દિ' થાય નહીં. વો કરિયાતા સમજતે હૈં ? (શ્રોતા : કિરાયતા). કિરાયતા. વો કડવા હોતા હૈ ન ? કડવા (કિરાયતા)કી કોથળી હો ઉસ પર સાકર લિખે બાહરમેં, તો કંઈ કડવાશ છૂટ જાતી હૈ ? કડવાશ તો કાયમ રહે. એમ આત્મામેં કડવાશ તો, પરકા મૈં કર સકતા હૂં, પરસે મુજે મદદ હોતી હૈ ઔર પુણ્ય-પાપકા વિકલ્પ રાગ હૈ વહ આત્માકા સ્વભાવ હૈ—ઐસી માન્યતા મિથ્યાત્વકી કડવાશ હૈ, ભ્રાંતિકી કડવાશ હૈ. એ ભ્રાંતિની કડવાશનો નાશ કર્યા વિના, બહારમાં નામ લખે શરીરનું કે ત્યાગી છે ને વ્રતધારી છે ને બ્રહ્મચારી છે, એ કરિયાતાના કોથળા પર સાકરના નામ લખવા જેવું છે (કેમ કે) વસ્તુના

સ્વરૂપનું યથાર્થ જ્ઞાન એને થયું નથી. માટે ભગવાન કહે છે કે આત્મા ઉપમારહિત છે. શું કહીએ ? કોની ઉપમા આપે ? (જ્યાં) ઘી જેવા પદાર્થને ઉપમા ન અપાય. તો ચૈતન્યના સ્વભાવનો ખ્યાલ તું કર, તને-તને સત્સમાગમ વડે તારી પાત્રતા દ્વારા ઓળખ—એવો સ્વથી જણાય એવો આત્મા છે. પરથી તો ઉપમા અપાય એવો આત્મા નથી.

'અવ્યક્તવ્ય છે.' જુઓ ! આ બધા આત્માના વિશેષણો વર્ણવાય છે. વાણી દ્વારા કહી શકાય એવો આત્મા નથી. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં..' જુઓ ! શ્રીમદ્ કહે છે ‘અપૂર્વ અવસર’માં. 'કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો, એ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?' જે સર્વજ્ઞ પરમાત્માના જ્ઞાનના ભાનમાં પૂર્ણ સ્થિરતા થતાં અનંત કેવળજ્ઞાન દશા પ્રગટી, જેમાં સ્વસંવેદ્ય (આત્મા) જાણતાં પ્રત્યક્ષ ત્રણ કાળ, ત્રણ લોક પરને જાણ્યાં, એ પણ વાણી દ્વારા કહેવાને પૂર્ણ રીતે સમર્થ નથી. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન. તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?' સાધારણની અજ્ઞાનીની કલ્પિત વાણી કરીને, આત્મા આવો ને આત્મા તેવો કહેવા માંગે, એ સર્વજ્ઞ પૂરી રીતે ન કહી શકે તો અજ્ઞાની તો કહી શકે નહીં. 'અનુભવગોચર માત્ર...' એ તો ચિદાનંદ જ્ઞાતા શાંતિ સ્વભાવ પરના કાર્યરહિત, પરના સાધનરહિત, પરના કર્મરહિત, પરના કર્તારહિત મારો.. મારો સાધન છે. હું જ મારું સાધન કરીને મારા સાધ્યને—પૂર્ણ પરમાત્મશક્તિની દશાને—પ્રગટ કરવાની ત્રેવડ મારામાં છે. એ પુણ્ય ને પરમાં મારું સાધન નથી. એવી માન્યતા દ્વારા સ્વભાવમાં એકાગ્ર થાય, તેનું વાણી દ્વારા શું કથન કરવું ? અવ્યક્તવ્ય છે (અર્થાત્) વાણીમાં એ આવી શકતો નથી. વાણી જડ છે.

ચંદ્રને બતાવવો હોય તો બતાવાય કે જુઓ ! આ ચંદ્ર. પેલા કણબીના ખોરડા ઉપર લીમડાની ડાળ ઉપર છે. આ બીજ ઊગે છેને બીજ. ચંદ્રકી બીજ ઉગતી હૈ ન? ચંદ્રમા... એ ચંદ્રમાકી બીજ ઉગતી હૈ ન. વો બીજ તો આકાશમેં હૈ. કોઈ બાળકને બતાવે કે જુઓ ! ચંદ્રમા. ફલાણા માણસની મેડી ઉપર લીમડાની ડાળ ઉપર છે. પણ ખરેખર ડાળ ઉપરેય નથી, મકાન ઉપરેય નથી, ચંદ્ર તો આકાશમાં છે. એમ આત્માને સમજાવવા કેટલાક સિદ્ધાંતો, ન્યાયો બતાવાય, પણ એ દ્વારા જો આત્મા પકડી લે અંદર તો સમજાય, નહિતર વાણી દ્વારા તો કોઈ રીતે પૂરી રીતે કહી શકાય નહિ. અવ્યક્તવ્ય છે એવો આત્મા પોતાના સ્વભાવથી જાણી શકાય, પણ વાણી દ્વારા કહી શકાતો નથી.

'અપ્રમેય છે', લ્યો. અપ્રમેય છે. એવો પાઠ છે હોં. ....अनिर्देशं अप्रमेयं.. કેવો છે આત્મા ? એ રાગ અને પુણ્ય અને મન દ્વારા એનું માપ થઈ શકે એવો નથી. अप्रमेय.. પ્રમેય

એટલે માપમાં આવે તેવો. એ જ્ઞાનથી માપમાં આવે એવો છે, પણ વિભાવ, વિકાર અને પરથી એનું માપ કરી શકાય એવો નથી. અપ્રમેય.. અપ્રમેય હૈ. અપ્રમેય સમજતે હૈં? અપ્રમેય એટલે જ્ઞેય.. જ્ઞેયપણે ન જણાય એવો છે. એટલે પરના જ્ઞેયપણે તો સ્વ નથી જણાતો, પણ પોતાના જ્ઞાનથી પોતે જ્ઞેય થઈ શકે છે. એટલે જ્ઞાતા જાણનાર, મારો જ્ઞેય પણ જ્ઞાન અને મારો જ્ઞાતા હું અને મારા જ્ઞાનની જાણવાની ક્રિયા પણ મારામાં. જ્ઞાતા-જ્ઞેય અને જ્ઞાન—એ ત્રણેય આત્મામાં છે. એને બીજો રાગ અને નિમિત્ત થઈને જ્ઞેય કરી શકે એટલે આત્માને જાણી શકે એવો આત્મા છે નહીં. 'અપ્રમેય છે.' પરથી ન જણાય એવો અથવા પરથી માપમાં ન આવે એવો છે.

જુઓ, એ ગજ હોય ગજ. ગજથી આખા ડુંગરનાં ડુંગર મપાય. લૂંગડાં... ગજ હોતા હૈ ન ? લૂંગડાં.. લૂંગડાંકા ગજ હોતા હૈ ન ? ગજ ક્યા ? કપડાકા માપ કરતે હૈં. તો માણસ ક્યા કરતા હૈ ? કે ગજ બડા કે કપડા ? લોકો કહે કે કપડું મોટું કહેવાય. કપડું મોટું છે. કપડું મોટું નથી, ગજ મોટો છે. ગજથી માપ્યે જાવ તો કપડું ખૂટી જશે, ગજનું માપ ખૂટતું નથી. જયચંદભાઈ ! એમ ને એમ ગજને માપ્યે જાય, માપ્યા કરો તો કપડું ખૂટે, પણ કાંઈ ગજનું માપ હવે ખૂટે નહિ કે હવે આ માપ નહીં આપે. હવે આ માપ નહિ આપે એમ છે ? એ તો માપ આપ્યા જ કરે છે એટલું માપ તો... ગજ સમજતે હૈં ? જ્ઞાનગજ ઐસા હૈ કિ જગતકી બધી ચીજોનું માપ કરનાર છે. એનું માપ કરનાર કોઈ પરચીજ નથી. સમજાય છે ?

જુઓ ! આવો આત્મા. એ જ્ઞાન દ્વારા બધી ચીજોને જાણનારો છે, પણ બીજી જડચીજ એને માપે એવી તાકાત જડમાં છે નહીં. સમજમેં આતા હૈ ? આ આત્માનું માહાત્મ્ય અને આવો કોણ છે—એ જાણવાની એણે દરકાર કરી નથી. એટલે આ તો પરનું કરું, પરથી થાય અને આ ક્રિયા કરી ને આ છોડ્યું, મૂક્યું—એમાં ચૈતન્ય પરથી ભિન્ન છે અને સ્વભાવમાં પરનો ત્રિકાળ અભાવ છે એવા શ્રદ્ધા-જ્ઞાન વિના કોઈ દિ' ખરો ત્યાગ હોઈ શકે નહિ. 'અપ્રમેય છે. આકુળતારહિત હૈ.' કેવો છે આત્મા ? (એટલે કે) એનો સ્વભાવ. આકુળતા ઉસમેં હૈ નહીં. આકુળતા પુણ્ય-પાપ-કામ-ક્રોધકી હોતી હૈ, વહ તો ક્ષણિક દશામેં હૈ. મૂલ સ્વભાવમેં આકુળતા નહીં હૈ. જો આકુળતા સ્વભાવમાં હોય તો નીકળી શકે નહિ, ટળી શકે નહિ અને આકુળતા ટળી શકે છે તો તેના સ્વભાવમાં આકુળતા નથી.

માણસ નથી કહેતા ? લોહવાટ થઈ .... હમણાં. પેટમાં... કે કાળજામાં તેલ રેડ્યાં છે, સખ નથી. આ અપમાન થાય ત્યારે થાય છેને ? રાજનું માન હોય, શેઠાઈનું માન હોય, કુટુંબનું માન હોય... આ બાઈયું પણ કાંઈ અપમાન થાય ત્યારે બળી જાય છે ને ? ઘાસલેટ

છાંટે, ગળે ખાંસો ખાય, કૂવામાં પડે, અફીણ ખાય, અપમાન થાય ત્યારે. ત્યારે એને કાળજામાં શું થાતું હશે ? આકુળ-વ્યાકુળતા. આહા.. આ અપમાન કરતાં તો મરી જવું સારું. મરી જવું એ.... જુઓ ! જેને રૂંવાટો ખેંચતા દુઃખ લાગતું હોય, એ અપમાન વખતે શરીરને જુદો પાડીને મરી જઈને પણ સુખી થવા માગે છે. પણ સુખના રસ્તાની એને ખબર નથી. છે ? .... હોતા હૈ ન ? ઐસા અપમાન હોતા હૈ તો ગળે ફાંસા ખાતે હૈં ઔર અગ્નિમેં બળ જાતે હૈં, અફીણ ખાતે હૈં ને મર જાતે હૈં. ક્યા હૈ ? શરીરની એક આંગળી તૂટે તો જેને દુઃખ લાગતું, એ અપમાન ટાણે શરીરને છોડીને સુખી થવા માંગે છે. એમ આવતા હશે સુખમાં ? એને ભાન નથી કે આ ઉપાય નથી. ભાઈ ! એ ઉપાય તો અંતરમાં ચૈતન્યસ્વભાવમાં છે, બહારમાં છે નહિ.

એટલે આચાર્ય કહે છે કે એ આકુળતા જે થઈ, ..... હવે જીવીને શું કરવું ? આમ બે લાખનો આસામી હોય ને આ કંઈ મોટો વેપાર કર્યો ને પંદર લાખ ગયા. થાય છે ને ? આમાં શેઠિયા હશે કેટલાક. જયચંદભાઈ ! ખબર છે ને ? મરીને ક્યાં જાશો ? માસીબા બેઠી છે ન્યાં ? આવો બા. આવો ભાઈ પોઢો. છે ત્યાં ? કોઈ મા-દીકરી-બેન બેઠાં છે ત્યાં? ક્યાં જાઈશ પણ ? એક દુકાન છોડીને બીજી દુકાનમાં જઈશ તો લેણદાર મૂકશે નહીં. પણ ભાન નથી (કે) હું આત્મા છું. અપમાન કોના ને માન કોના ? એ તો જગતની ચીજ છે. મારા સ્વભાવથી વિરુદ્ધ જે આકુળતા થાય છે એ આકુળતા કૃત્રિમ છે, મૂળ સ્વરૂપમાં નથી. છે ? વો સબ તો હૈ નહીં. મૂંઝાઈ જાયને ? માણસ મૂંઝાઈ જાય. ક્યા કરે? મૂંઝાઈ જાઓ મા. બડા સિર દુઃખતા હૈ, બડી મૂંઝવણ હો જાતી હૈ. તો મૂંઝવણ એટલે ક્યા ? રાગ-દ્વેષ, કામ, ક્રોધ, પુણ્ય-પાપની લાગણી–વૃત્તિઓ ઉઠે એ મૂંઝવણ છે. વો મૂંઝવણ વિકાર હૈ. એ વિકાર ક્ષણિક છે. મૂળ સ્વભાવમેં વિકાર... મૂળ સ્વભાવમેં વિકાર, આકુળતા હૈ નહીં. આકુળતા એને નથી. શ્રદ્ધા તો કરે, ઓળખાણ તો કરે. ..ચંદભાઈ !

આ પૈસાવાળાને આકુળતા કહે છે. પૈસા પેદા કરવામાં આકુળતા, પૈસા રક્ષણ કરવામાં આકુળતા, પૈસા વાપરવામાં આકુળતા. પેદા કરવામાં મમતા, રક્ષણમાં મમતા ને વાપરવામાં પાપ છે, અને કંઈ પુણ્યનો ભાવ હોય રાગનો તો બેય આકુળતા. એટલે પરવસ્તુ પ્રત્યેની લાગણીમાં આકુળતા એ વૃત્તિઓનું ઉત્થાન છે, એ સ્વભાવમાં નથી. એવી શ્રદ્ધા... આકુળતા વિનાનો આત્મા છે એવી પ્રતીતિ અને જ્ઞાન કરે તો સાચી શ્રદ્ધા કહેવાય. નહીંતર સાચી શ્રદ્ધા કહેવાય નહીં. મિથ્યાદ્રષ્ટિ મૂઢ છે. મિથ્યા દ્રષ્ટિ હોય ઊંધી માન્યતા, એ જેટલી કરવામાં આવે, એ બધું મિથ્યાત્વ સહિત અજ્ઞાનનું એમાં ફળ આવે. કંઈ સંસારના જન્મ-મરણનો અંત એમાં આવે નહિ. 'આકુળતારહિત હૈ.' જો ભાવસે તીર્થંકરગોત્ર બંધતા હૈ

વો પુણ્ય હૈ. પુણ્ય ક્યા હૈ ? આકુળતા હૈ. આકુળતા હૈ. જિસ ભાવસે પુણ્યકા બંધન હોતા હૈ વો રાગ આકુળતા હૈ. વો રાગ આત્માકા સ્વભાવ હૈ હી નહીં. ઐસા આકુળતારહિત આત્માકે સ્વભાવકી પ્રતીત નહીં કરતે વે મિથ્યાદ્રષ્ટિ હૈં. સમજમેં આતા હૈ ?

યે વ્રત-અવ્રતકા વિકલ્પ ઉઠતા હૈ. અવ્રત પાપકા ભાવ હૈ ને વ્રતકા વિકલ્પ ઉઠતા હૈ વો તો પુણ્યકા ભાવ હૈ. દોનોં આકુળતા હૈ. એ ભાવ નીચલી દશામાં હોય ખરો, પણ એ બેય આકુળતા છે અને (હું તો) અનાકુળસ્વભાવી ત્રિકાળી નિત્ય છું, શુદ્ધ છું, પવિત્ર છું.— એવી પ્રતીતિ ને ઓળખાણ ન કરે તો એને આત્માની ઓળખાણ છે નહીં. આત્માની ઓળખાણ વિના 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્હ્યો નહિ..' આ કહીએ છીએ તે રીતે હોં. 'ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' એ ત્યાગ કરે ને વ્રત પાળે ને અપવાસ કરે. રાગ કરે તો પુણ્ય થાય, પુણ્યભાવ થાય. પુણ્યથી, આ જગતે માની છે તેવી અનુકૂળતાની પ્રાપ્તિ થાય અને એમાં અહંકાર કરીને પાછો ચાર ગતિમાં ચોર્યાસીના અવતારમાં રઝળે. પણ આવો આત્મા જ્યારે જાણ્યા વિના કે આકુળતા વિનાનો ચિદાનંદ અનાકુળ સ્વાદસ્વરૂપ છું. એવું ભાન ન કરે તો એને સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન થતું નથી અને સમ્યગ્જ્ઞાન વિના એના વ્રત, તપ સાચાં હોઈ શકે નહિ.

'શૂન્ય ભી હૈ.' લ્યો, આત્મા શૂન્ય છે. શી રીતે મેળવવું માણસને ? પરવસ્તુ એનામાં નથી માટે પરથી તે શૂન્ય છે. સમજમેં આતા હૈ ? એક આંગળીમેં (દુસરી) આંગળીકી શૂન્યતા હૈ. ઉસમેં ઉસકી શૂન્યતા હૈ, ઉસમેં ઉસકી શૂન્યતા હૈ. ઉસમેં ઉસકી (અપની) પૂર્ણતા હૈ. એમ આત્મામેં જડ, કર્મ, શરીર, વાણી મન—સબકા ઉસમેં અભાવ હૈ. તો અભાવ (અર્થાત્) પરકી ઉસમેં શૂન્યતા હૈ. છગનભાઈ ! બરાબર છે ?

એક ચીજમાં બીજી ચીજનો અભાવ છે. એક આત્મા છે, એના ચાર બોલ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ. એકેએક આત્મા હોં. શરીરથી ભિન્ન છે. દ્રવ્ય એટલે વસ્તુ, ક્ષેત્ર એટલે એની પહોળાઈ, શરીર પ્રમાણે ભિન્ન આત્માની પહોળાઈ છે, કાળ એટલે વર્તમાન અવસ્થા, ભાવ એટલે કાયમની એની શક્તિ. સમજમેં આતા હૈ ન ? સ્વચતુષ્ટય. સ્વચતુષ્ટય વો શાસ્ત્રભાષા હૈ. દ્રવ્ય એટલે વસ્તુ. લકડી હૈ ન વો સુખડકી લકડી. પદાર્થ હૈ વો દ્રવ્ય હૈ. દ્રવ્ય એટલે પદાર્થ. ઉસકા ક્ષેત્ર—ઈતના પહોળા વો ક્ષેત્ર. ઉસકા કાળ— વર્તમાન અવસ્થા. ઉસકા ભાવ— કાયમકી ઉસકી શક્તિ. કાયમ રહેલી શક્તિ વો ઉસકા ભાવ હૈ. વો દ્રવ્યપદાર્થ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસે હૈ ઔર પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસે નહિ હૈ (અર્થાત્) શૂન્ય હૈ. આત્મા કર્મ, શરીરથી શૂન્ય છે. .... બંધ નથી. શું કીધું ? એ સ્વપણે છે

ને પરપણાથી શૂન્ય છે. કર્મ અને શરીર (આદિ પર)પદાર્થો આત્મામાં છે નહિ. જયચંદભાઈ સમજાય છે આમાં કાંઈ ?

આ એક ચીજ છે એ પોતે આ લાકડી છે, એ આંગળીથી શૂન્ય છે, આ પુસ્તકથી શૂન્ય છે. કારણ કે એ વસ્તુ એમાં નથી. માટે પરવસ્તુથી શૂન્ય છે અને પોતાથી પરિપૂર્ણ છે. એમ આ આત્મા શરીર, કર્મ, પરસ્ત્રી, કુટુંબ, લક્ષ્મી (આદિ) આખું જગત, અનંત આત્મા અને અનંત રજકણો—એનાથી ખાલી છે કારણ કે એમાં એ નથી, માટે તે આત્મા પરથી શૂન્ય છે. પણ પરથી શૂન્ય (આત્મા) એને બેસતો નથી. પરે ઘેરો ઘાલ્યો છે એમ માને છે. પરવસ્તુ છે એ તો... પણ પરે ઘેરો ઘાલ્યો છે. બાયડી-છોકરાં ને જ્યાં પાંચ છોકરા થાય ને પાંચ વહુરો હોય, વેવલાં હોય. વેવલાં એટલે સમજ્યાને ? આ તમારે વેવાઈ સરખા. આ જાણે ચારેકોર ઘેરા ઘાલ્યા છે. આ ભગવાન આત્મા કોણ છે ?—એ જાણ તો ખરો. આત્મા જે છે એ પોતાના જાણવા-દેખવાના સ્વભાવથી પરિપૂર્ણ છે.

દ્રષ્ટાંત...એક સોનું છેને સોનું. સોનું.. એ સોનું બીજી ચીજથી ખાલી છે (અર્થાત્) શૂન્ય છે. તાંબુ, લોઢું, વસ્ત્રથી શૂન્ય છે. એ સોનામાં એક વાલ તાંબુ કે કથીર હોય, એનાથી પણ સોનું તો શૂન્ય છે. નહીતર એ સોળવલું થઈ શકે નહિ. એકવલું કાઢી નાખો તો સોળવલું જ છે. સોળવલું એ પરિપૂર્ણ છે અને (એક) વાલ ત્રાંબુ અને પરચીજ લોઢું કે બીજી ચીજો—એનાથી શૂન્ય છે. તો એ પરચીજથી શૂન્ય છે, વિકાર એટલે તાંબાથી શૂન્ય છે અને સોનું પીળાશ, ચિકાશ, વજનથી પરિપૂર્ણ છે. સોનામાં વાલ તાંબુ હોવા છતાં સોનું તો સોળવલું જ છે. સોળવલું ન હોય તો સોળવલું થાશે ક્યાંથી ? ફક્ત તાંબાના એક વાલનો આરોપ એને પંદરવલું કહેવડાવે છે. સોનું તો સોળવલું છે. નહીંતર વલું નીકળું ગયું એક વાલ.... વાલ સમજતે હૈં ? ખોટ .... હાં વો. ઉસકો યહાં એક વાલ આદિ કહતે હૈં. વો તાંબા, કથીરકા ભાગ. ખોટા અંશ ઉસપે જો ખ્યાલ ન દો, તો સોના તો સોળવલા હી હૈ. ઉસમેં તાંબા ઔર પરચીજ નહીં હૈ ઉસકે કારણસે પરસે શૂન્ય હૈ ઔર સ્વસે પરિપૂર્ણ હૈ.

એમ આત્મા શરીર, કર્મ (આદિ) પરપદાર્થસે શૂન્ય હૈ ઔર આત્મામેં જો કામ, ક્રોધ, પુણ્ય-પાપકી કૃત્રિમ ક્ષણિક લાગણી હોતી હૈ વો વિકારસે ભી ત્રિકાળી સ્વભાવ તો શૂન્ય હૈ. પરસે શૂન્ય હૈ, વિકારસે શૂન્ય હૈ ઔર પૂર્ણ ભી હૈ. પોતાના આત્મસ્વભાવથી પૂર્ણ છે. માળું આ શું છે ? જે શૂન્ય છે તે પૂર્ણ છે અને પૂર્ણ છે તે શૂન્ય છે. જુઓ, આ ચીજ. આનું નામ અનેકાંતસ્વરૂપનું તત્ત્વ છે. આ બધી અનેકાંતની ગાથાઓ જરી સૂક્ષ્મ છે. તમારી શૈલીએ સાધારણ કહેવાય છે. શૂન્ય પણ છે, પૂર્ણ પણ છે. તેની તે ચીજ પરના આધારે શૂન્ય છે અને ક્ષણિક વિકારના સ્વભાવથી પણ શૂન્ય છે અને જ્ઞાતા-દ્રષ્ટાની શક્તિથી,

આનંદથી ભરેલો છે માટે પૂર્ણ છે. આમ આત્માને પરથી શૂન્ય, સ્વથી પૂર્ણ, વિકારની શૂન્ય, સ્વભાવથી પૂર્ણ ઓળખવો, માનવો, જાણવો તેને સમ્યગ્જ્ઞાન કહે છે. એ સમ્યગ્જ્ઞાન પછી સ્વરૂપમાં રમણતા થાય–લીનતા થાય તેને ચારિત્ર કહે છે. ચારિત્ર કોઈ લૂગડાં-બૂગડાં નથી, વેષ કે ક્રિયાકાંડ (નથી). છગનભાઈ ! આ ચારિત્રની વ્યાખ્યા છે.

આ ૪૨-૪૭, ૯૬ દોષ રહિત આહાર લેવા, આ કરવું—એ તો બધી પરની ક્રિયા છે. ભગવાન ! સાંભળ તો ખરો. એને પણ તત્ત્વ ક્યાં પેઠું ને ક્યાં માની લીધું ! એ ચૈતન્યસ્વભાવ પરના ત્યાગ-ગ્રહણથી શૂન્ય છે અને જાણવા-દેખવાની શક્તિથી પરિપૂર્ણ ભરેલો છે. પરિપૂર્ણ પડ્યો છે. જેમ એકડો. એ એકડો બગડો, ત્રગડો, ચોગડો, પાંચડો, છગડો, સાતડો, આઠડો, નવડો, દસ, અગ્યાર, બાર (આદિ) બધા અંકથી અભાવ(રૂપ) છે. બધા અંકથી અભાવસ્વભાવે એકડો છે અને એકડો એકડાથી પૂર્ણ છે. જો એકડો બીજા અંકથી હોય તો એકડો જુદો રહી શકે નહિ. જયચંદભાઈ ! બરાબર છે ? એકડો બગડાથી શૂન્ય છે, એકલો ત્રગડાથી, ચોગડાથી, પાંચડાથી, છ, સાત, આઠ (આદિ બધા) અંકથી શૂન્ય છે. એકડો એકડાથી પરિપૂર્ણ છે.

એમ આત્મા જ્ઞાન-દર્શન સ્વભાવે એકરૂપે અંકરૂપે સત્ છે અને બીજા રાગ-દ્વેષ, શરીર, વાણી, મન (આદિ) પરપદાર્થ એનાથી શૂન્ય છે. નહીંતર એ પદાર્થ સ્વયંસિદ્ધ તત્ત્વ રહી શકે નહીં. આમ જ્યાં સુધી ઓળખાણ ને જ્ઞાન ન કરે, ત્યાં સુધી આ પરનું કર્યું ને પરનું છોડ્યું ને પરનું મૂક્યું, આ પરથી સહાય થાય તો કાંઈ કલ્યાણ થાય. ભાઈ ! મદદ જોઈએ, બાપા ! અનાદિનો આત્મા પાંગળો છે. બીજાની મદદ જોઈએ—આવી માન્યતા અજ્ઞાનીઓની છે. એને સ્વયંસિદ્ધ આત્મા સ્વભાવથી–શક્તિથી પરિપૂર્ણ છે એવી પ્રતીત નથી અને પરથી ખાલી કલ્પવો, પરથી અભાવ કલ્પવો એટલે પોતે એક તત્ત્વને પૂર્ણ શી રીતે કહેશો ? શ્રદ્ધામાં હોં પહેલી શ્રદ્ધામાં. પરથી અભાવ અને વિકારથી અભાવ, તો સ્વભાવમાં પરની જ્યાં અપેક્ષા ન રહી એટલે અપૂર્ણતા તો, પરની અપેક્ષા લક્ષમાં લે તો અપૂર્ણતા ને વિકાર ખ્યાલમાં આવે. પણ પર વિનાનો, વિકાર વિનાનો સ્વભાવ છે, નિમિત્ત અને રાગની અપેક્ષા શ્રદ્ધામાં છૂટે, ત્યારે પરથી અભાવસ્વભાવે પરિપૂર્ણ છે એવી સમ્યગ્જ્ઞાનની પ્રતીતિ થવી તે આત્માની પ્રતીતિ છે. એ આત્માની પ્રતીતિ નવ તત્ત્વમાં જીવની પ્રતીતિ કહેવાય છે. પણ આવી પ્રતીત અને શ્રદ્ધાના અનુભવ વિના સાચું જ્ઞાન અને સાચી શ્રદ્ધા થાય નહિ. હજી બીજી ઘણી વાત છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)